PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/ક્વા–૦૩/૧૭–૧૮/ 1076 (4) તા. 05-02-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સરપંચ શ્રી કાલસારી ગ્રામ પંચાયત,
તા. વિસાવદર
જી: જુનાગઢ–૩૬૨ ૧૩૨
મો: ૦૨૮૭૩ – ૨૨૧૯૬૫

**વિષય :–તેમના ગામ ના વીજબીલ ની આકારણી ગ્રામ્ય ને બદલે શહેર ની કરેલ હોવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૩–૧૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૯/ક્વા–૦૩/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી નં–૧, વિસાવદર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૯/ક્વા–૦૩/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૫–૦૧–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: સરપંચ શ્રી કાલસારી ગ્રામ પંચાયત, ગામ: કાલસારી

રજુઆત કરનાર: કાલસારી ગામ ના સરપંચ શ્રી કિશોરભાઈ માધાભાઈ ભાયાણી હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી નં–૧, વિસાવદર (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)

રજુઆત કરનાર :એલ.કે.પરમાર – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ

---

## : હુકમ :

**ફરીયાદ : તેમના ગામ ના વીજબીલ ની આકારણી ગ્રામ્ય ને બદલે શહેર ની કરેલ હોવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,કાલસરી ગામ – ગ્રામ પંચાયત ની હદ મા આવે છે. તેમજ, પીજીવીસીએલ દ્વારા શહેરી વિસ્તાર ના ભાવે – માહે જુલાઈ–ઓગષ્ટ બીલ્ડ ઈન માહે સપ્ટેમ્બર–૨૦૧૧ થી માહે માર્ચ–એપ્રીલ બીલ્ડ ઈન માહે મે–૧૭ સુધી – વસુલ કરાયેલ છે. તદઉપરાંત – વીજચોરી મા પકડાયેલ કાલાસરી ગામ ના વીજ ગ્રાહકો ને પણ શહેરી વિસ્તાર મુજબ – વીજચોરી નુ બીલ આપી અને વસુલાત કરાયેલ છે. જે ખરેખર ગ્રામ્ય વિસ્તાર મુજબ ના વીજબીલ હોવા જોઈએ. સદર વીજબીલો કાલસરી ગામ ના ૧૦૫૩ ગ્રાહક પાસેથી શહેરી વિસ્તાર ના ભાવે વસુલેલ છે, તે દરેક ને ગ્રામ્ય વિસ્તાર મુજબ તફાવતીય રકમ વ્યાજ સાથે પરત મળે તેમ જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરેલ. આમ, સરપંચ શ્રી કાલાસરી ગ્રામ પંચાયત દ્વારા – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ વિભાગીય કચેરી ના પત્ર નંબર: જેડી/રેવ/સીજીઆરએફ/૯૪૧૬ તા.૧૮–૧૨–૨૦૧૭ અન્વયે, અરજદાર ની ફરીયાદ મુજબ જણાવવાનુ કે – કાલસરી ગામ – વિસાવદર અર્બન કેટેગરી વાળા ફીડર માથી વીજ પુરવઠો પુરો પડાતો હોવાથી ઘરવપરાશ વીજજોડાણ માટે ના વીજબીલ – આરજીપીયુ – કેટેગરી હેઠળ બીલીંગ કરવામા આવતુ હતુ. સદર બાબતે – જરૂરી ચકાસણી કરી ને માહે જુલાઈ–ઓગષ્ટ બીલ્ડ ઈન માહે સપ્ટેમ્બર–૨૦૧૧ થી માહે માર્ચ–એપ્રીલ બીલ્ડ ઈન માહે મે–૧૭ સુધી ના સમયગાળા મા – આરજીપીયુ – કેટેગરી હેઠળ બીલીંગ થયેલ હતુ, તે– આરજીપીઆર – કેટેગરીમા ફેરવવા માટે ની મંજુરી ની પ્રક્રીયા માટે ની દરખાસ્ત – પીજીવીસીએલ કંપની ના નિયમાધીન રીતે તા.૧૮–૧૧–૧૭ થી મંજુર કરાયેલ હતુ. સદર મંજુરી મળ્યે થી દરેક લાગુ પડતા રહેણાંક ના હેતુ વાળા વીજ જોડાણ મા સદર બાબતે આપવાની થતી રકમ – મજરે જમા અપાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, – કાલસરી ગામ – વિસાવદર અર્બન કેટેગરી વાળા ફીડર માથી વીજ પુરવઠો પુરો પડાતો હોવાથી ઘરવપરાશ વીજજોડાણ માટે ના વીજબીલ – આરજીપીયુ – કેટેગરી હેઠળ બીલીંગ કરવામા આવતુ હતુ. સદર બાબતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જરૂરી ચકાસણી કરી ને માહે જુલાઈ–ઓગષ્ટ બીલ્ડ ઈન માહે સપ્ટેમ્બર–૨૦૧૧ થી માહે માર્ચ–એપ્રીલ બીલ્ડ ઈન માહે મે–૧૭ સુધી ના સમયગાળા મા – આરજીપીયુ – કેટેગરી હેઠળ બીલીંગ થયેલ હતુ, તે કંપની ના નિયમાધીન ન હોવાથી દરેક લાગુ પડતા રહેણાંક ના હેતુ વાળા વીજ જોડાણ મા આરજીપીયુ – ટેરીફ ને બદલે આરજીપીઆર – ટેરીફ મુજબ – આપવાની થતી તફાવતીય રકમ – મજરે જમા અપાયેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. તેમજ વ્યાજ બાબતે ની રજુઆત ને ગ્રાહય ન રાખવા બાબતે નો નિષ્કર્ષ કરાયેલ છે. |
| **૩.૨** | અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની – પાવર ચોરી ના કેઈસ સબબ ના એડજેસ્ટમેન્ટ બાબતે ની ફરીયાદ અન્વયે – અરજદાર ને જણાવવાનુ કે,નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૨) માં કરાયેલ જોગવાઈ મુજબ – ગેરરીતી અન્વયે અપાયેલ પૂરવણી બીલ સબબ ના કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ રજુઆત બાબતે કોઈ નિષ્કર્ષ કરાયેલ નથી. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.